તંત્રીશ્રીની કલમે

ખૂબ સખ્ખત સજાની જોગવાઈ હોવી જોઈએ

વિમાનો ફૂંકી મારવાની ધમકીનો સમયકાળ રાજકીય સ્તરે ચિંતા જગાવે છે. આવી ધમકીથી તંત્ર સતર્ક બની ગયું છે અને તડામાર તપાસનો દોર શરૂ કરાયો છે પરંતુ તપાસ અધિકારીઓના હાથમાં કશું જ વાંધાજનક આવ્યું નથી કે, કાવત્રાનો કોઇ છેડો હાથ લાગ્યો હોય. જે પરિબળો આ પ્રકારની ધમકી ફેલાવે છે તેના કારણે સૌથી મોટું નુકસાન યાત્રિકોની આવન જાવનના કારણે ભોગવવું પડે છે. ડરના કારણે યાત્રિકો પ્રવાસ કરતા ડરે છે, તેમને ચિંતા થાય છે કે, કાશ, અમારા વિમાનને તોડી પાડવામાં આવશે તો? બસ, ડરનો આ પ્રશ્ન સૌને સતાવી રહ્યો છે. જે પ્રકારે ડર ફેલાવવાની સિસ્ટમ હાથ ધરાઇ છે તેના કારણે તંત્રની ઊંઘ હરામ થઇ જાય છે. એટલું જ પ્રવાસનું આખુંયે નેટવર્ક ડામાડોળ બને છે અને આર્થિક રીતે બરબાદી સહન કરવી પડે છે. બસ, ભારતને આર્થિક રીતે નુકસાન પહોંચાડવા માટેનું વ્યવસ્થિત રીતે એક ષડ્યંત્ર ચાલી રહ્યું છે. ફોન કરીને અને લાગતાવળગતા વિભાગને 'અમુક સંખ્યામાં વિમાન પર ઘાતક હુમલો થઇ શકે છે તેમ પત્ર લખીને તંત્રને દોડતું કરી દેવામાં આવે છે. જે પ્રકારની ગુન્હાહિત પ્રવૃત્તિ ચાલે છે તેમાં ગુનેગારને પકડીને ફાંસીએ ચડાવવો જોઇએ અને તેના પ્રત્યે કોઇપણ પ્રકારની સહાનુભૂતિ રાખવી જોઇએ નહીં. પરિવહન વિભાગને ક્ષતિ પહોંચાડવાનું જે કાવત્રુ રચાય છે તેમાં કોઇપણ પરિબળ હોય, અરે શત્રુ દેશ હોય તો પણ તેને માફ કરાય નહીં. ગુનેગાર પકડાય તો તેને આકરી સજા કરવી જોઇએ. જો આવી ધમકીઓ આપવાના પ્રશ્ને પડોશી શત્રુ દેશ હોય અને તેનો સચોટ પુરાવો મળે તો તેના આધારે એ શત્રુદેશ સાથેના તમામ વ્યવહારો કાપી નાખવી જોઇએ. આપણે હંમેશા જોયું છે કે, આ પ્રકારની ધમકીઓ એક પ્રકારની આતંકવાદી પ્રવૃત્તિ તરફની અંગુલિનિર્દેશ કરે છે તેમાં કોઇ શંકા નથી. આજે અહીં વિમાનોમાં ધમકી ફેલાવનાર સામે શું કડક પગલાં લઇ શકાય તેની વાત કરીશું. સૌથી વિશેષ સુગમ અને સુરક્ષિત મનાતી વિમાન સેવાઓને ધમકી આપવાનો દોર શરૂ થતા જ ચિંતાનો માહોલ સર્જાયો છે. છેલ્લા એક અઠવાડિયામાં લગભગ ૭૦ ઘરેલું અને આંતરરાષ્ટ્રીય ઉડાનોમાં બોંમની ધમકીને લઇને સુરક્ષા એજન્સીઓ અને વિમાન કંપનીઓ એલર્ટ થઇ ગઇ છે. જો કે, હજી સુધી તો ધમકીઓ અફવા સમાન પુરવાર થઇ છે. પરંતુ એકવાર ફરી એ વાતની ખબર પડી છે કે, સોશિયલ મીડિયા પોસ્ટ અથવા ઇ-મેલથી ખુલ્લેઆમ ધમકી આપવી કેટલી સરળ બની ગઇ છે! કોઇ આકસ્મિક, અણધારી ઘટના વગરની યાત્રિઓ, હવાઇ મથકો, વિમાન કંપનીઓ અને સુરક્ષા એજન્સીઓને પરેશાનીમાંથી પસાર થવું પડે છે. સૌથી મોટી ચિંતા એ છે કે, ધમકી આપનાર પકડાતા નથી. દેશમાં ૧૯૯૯માં છેક છેલ્લે વિમાન અપહરણકાંડ પછી આ યાત્રાની સુરક્ષા માટે કડક પગલાં ભરવામાં આવ્યા હતા, બનાવટી ધમકીઓથી બચવા માટે એ જ પ્રકારનું કારગર તંત્ર ઊભું કરવું જોઇએ.

નાગરિક ઉડ્ડયન મંત્રાલય ધમકીની ઘટનાઓ પર લગામ લગાવવા માટે નાગરિક ઉડ્ડયન સુરક્ષા બ્યૂરો (બીસીએએસ)ની ભલામણો પર વિચાર કરે છે. એક ભલામણ એ છે કે, ધમકી આપનારાને પાંચ વર્ષ માટે હવાઇ યાત્રાથી પ્રતિબંધિત કરવામાં આવે. ફકત આ કદમથી અફવા ફેલાવનારાને કડક મેસેજ નહીં મળે. ટૂંકમાં એ પણ સ્પષ્ટ નથી કે, ધમકી આપનાર હવાઇ યાત્રા કરે છે કે, નહીં વિમાન અધિનિયમ ૧૯૩૪ દ્વારા ટૂંકમાં એવા લોકો પર યાત્રાનો પ્રતિબંધ લાગી શકે, જે વિમાનમાં સફર દરમિયાન ચડતા-ઉતરતા ઉપદ્રવ મચાવે છે. આ પ્રતિબંધ કેટલા દિવસ ચાલશે, એરલાઇન નક્કી કરે છે. વર્તમાન પરિપ્રેક્ષ્યમાં વિમાન સેવાઓની સુરક્ષા માટે વધુ ઠોસ અને કારગર રણનીતિની ચિંતા છે. વિમાન અધિનિયમ ૧૯૩૪ની સમીક્ષા કરી એમાં ધમકી આપનાર સામે કડક કાયદો વ્યવસ્થા જોડાય.

ભૂલો કરતી રહીશ, તો વધારે સારું શીખીશ: મલાઈકા અરોરા

એક્ટિંગ અને મોડેલિંગ ઉપરાંત પર્સનલ લાઈફના કારણે મલાઈકા અરોરા ચર્ચામાં રહેતી હોય છે. છેલ્લા ઘણાં સમયથી મલાઈકા અરોરા ફિલ્મમાં જોવા મળી નથી, પરંતુ રિયાલિટી શોમાં છવાયેલી રહે છે. મલાઈકા અરોરાની પ્રોફેશનલ અને પર્સનલ લાઈફમાં ઘણાં ઉતાર-ચડાવ આવ્યાં છે. મલાઈકાનું માનવું છે કે, જીવનમાં તેણે ઘણી ભૂલો કરી હશે. જો કે ભૂલો કરતી રહીશ, તો વધારે સારું શીખી શકીશ. મલાઈકા અરોરાએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન પોતાના જીવનની પસંદગીઓ અંગે વાત કરી હતી. પોતાની શરતો પર જીવનને માણવા બદલ ખુશી વ્યક્ત કરવાની સાથે મલાઈકાએ ભૂતકાળ બદલ કોઈ પસ્તાવો નહીં હોવાનું કહ્યું હતું. ૫૦ વર્ષીય મલાઈકા પોતાના જીવનથી અને તેમાં આવેલા પરિવર્તનોથી ખુશ છે. આ સાથે તેણે વધારે સારું શીખવાનો અને ભૂલો કરતા રહેવાનો ઈરાદો પણ વ્યક્ત કર્યો હતો. મલાઈકાએ કહ્યું હતું કે, પર્સનલ અને પ્રોફેશનલ લાઈફમાં મેં કરેલી દરેક પસંદગી પર મને વિશ્વાસ છે. તેના કારણે જ મારું જીવન ઘડાયું છે. જીવનમાં કોઈ પસ્તાવો રાખવાના બદલે મલાઈકા પોતાની જાતને ભાગ્યશાળી સમજે છે અને જીવનમાં જે કંઈ પણ ઘટનાઓ બને છે તેને ખુલ્લા મને આવકારે છે. મલાઈકા ત્રણ દાયકાથી ઈન્ડસ્ટ્રીમાં એક્ટિવ છે અને ઘણી ફિલ્મોમાં ગેસ્ટ રોલ, સ્પેશિયલ એપિયરન્સ આપેલા છે. જો કે મલાઈકાને મહત્ત્વના રોલ મળ્યા નથી. મલાઈકાને તેના ડાન્સ માટે યાદ કરાય છે, પરંતુ તેના રોલ એવા દમદાર રહ્યા નથી. મલાઈકાની ઈચ્છા ફિલ્મોમાં ફુલ ફ્લેજ્ડ રોલ કરવાની છે, જેથી પોતાની ઈમેજ અને કરિયર બંનેમાં પરિવર્તન આવી શકે. મલાઈકા અત્યારે રેસ્ટોરન્ટ ચેઈન બનાવવા પ્રયાસ કરી રહી છે, જ્યાં હેલ્ધી ફૂડ સર્વ થતું હોય. મલાઈકાએ કહ્યું હતું કે, ઘરનું બનેલું ભોજન હોય તે પ્રકારની ડિશ આપતા રેસ્ટોરન્ટ-કેફે શૂ કરવા છે. આ સાથે એક્સાઈટિંગ શૂટિંગ અને ટ્રાવેલિંગની ઈચ્છા પણ છે. મલાઈકા અને અર્જુન કપૂર વચ્ચે ગયા વર્ષે બ્રેક અપ થયું હોવાનું કહેવાય છે. બેમાંથી કોઈએ આ મામલે કોઈ ખુલાસો કર્યો નથી.

સલમાનના શત્રુ લોરેન્સ બિશ્નોઈના જીવન પર વેબ સિરીઝ બનશે

બોલિવૂડના દબંગ સ્ટારના કટ્ટર દુશ્મન અને બાબા સિદ્દિકી જેવા કદાવર નેતાના હત્યારા તરીકે લોરેન્સ બિશ્નોઈનું નામ જાણીતું થયું છે. લોરેન્સ બિશ્નોઈની ગેંગે જ કેનેડામાં કુખ્યાત ખાલિસ્તાની નિજ્જરની હત્યા કરી હોવાનું મનાય છે. આ મામલે ભારત-કેનેડા વચ્ચેના સંબંધોમાં ઘણી ખટાશ આવી છે. સોશિયલ મીડિયા પર એક વર્ગ બિશ્નોઈને દેશભક્ત ગેંગસ્ટર ગણાવી રહ્યો છે, જ્યારે બીજો વર્ગ તેને સભ્ય સમાજનો દુશ્મન માને છે. લોરેન્સ બિશ્નોઈ અંગે ચાલી રહેલી ચર્ચાઓનો લાભ મળવાની આશા સાથે તેના જીવન પર વેબસિરીઝ બનાવવાનું આયોજન થયું છે. જાની ફાયરફોક્સ ફિલ્મ પ્રોડક્શન દ્વારા 'લોરેન્સ-એ ગેંગસ્ટર સ્ટોરી' નામથી વેબ સિરીઝ બનાવવાની કવાયત હાથ ધરાઈ છે. સિરીઝના ટાઈટલને ઈન્ડિયન મોશન પિક્ચર્સ એસોસિએશન સમક્ષ રજિસ્ટર કરાવી લેવાયું છે. આ સિરીઝમાં બિશ્નોઈને કોલેજના વિદ્યાર્થીમાંથી ખૂંખાર ગુનેગાર બનાવનારી ઘટનાઓને રજૂ કરવામાં આવશે. લોરેન્સ બિશ્નોઈની ઉંમર હાલ ૩૨ વર્ષની છે અને તે ૨૦૧૪ના વર્ષથી જેલવાસ ભોગવી રહ્યો છે. એટલે કે માત્ર ૨૨ વર્ષની ઉંમરથી જેલમાં છે અને જેલમાં રહીને તે પોતાની ગેંગ ચલાવી રહ્યો છે. ભારત ઉપરાંત વિદેશમાં પણ તેના સાગરિતો છે અને તે જેલમાં રહીને પણ મોટા ગુનાઓને અંજામ આપતો હોવાનું કહેવાય છે.

રેલવે સ્ટેશન પર મુસાફરોનો ભારે ધસારો

સુરત,

સુરતમાં દિવાળી પહેલાં પરપ્રાંતિયો વતન જવા રવાના થઈ રહ્યા છે. ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. દિવાળી અને છઠપૂજાના પર્વને લઈ યુપી, બિહાર મુસાફરો જઈ રહ્યા છે.રેલવે વિભાગ દ્વારા પ્લેટફોર્મ પર મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ સહિત રેલવે અધિકારીઓને તૈનાત કરાયા છે. મુસાફરોની એક લાઈન બનાવી વારાફરતી રેલ્વે બોગીઓમાં બેસાડવામાં આવી રહ્યું છે. રેલ્વે વિભાગ દિવાળી અને છઠપૂજાના પર્વને લઈ ૮૫ વધુ ટ્રેનો દોડાવી રહી છે. આ ટ્રેનો ૧૩૮૦ યુપી, બિહારનાં ફેરા મારશે. મુસાફરનો ધસારો ઉમટી પડતાં રેલ્વે મુસાફરોને હાલાકી પડી રહી છે. અનેક મુસાફરોને ટ્રેનની બોગીમાં બેસવા સીટ પણ નહીં મળી છે. મુસાફરોએ ટ્રેનમાં ભોગી વધારવાની માંગ કરી રહ્યા છે.

દિવાળીમાં સુરતમાં રહેતા પરપ્રાંતિયો વતન તરફ પ્રયાણ કરતા હોય છે, ત્યારે અત્યારથી પરપ્રાંતિયો ટ્રેન મારફતે વતન જવાનું શરૂ કરી દીધું છે. સુરત રેલવે સ્ટેશન ખાતે ૩ પ્લેટફોર્મ જ કાર્યરત છે. જ્યારે ઉધના રેલવે સ્ટેશન ખાતે ૬ પ્લેટફોર્મ કાર્યરત છે. સુરત રેલવે સ્ટેશન પર ડેવલોપમેન્ટની કામગીરી થતી હોવાથી દિવાળીની મોટાભાગની ટ્રેનો ઉધના સ્ટેશનથી દોડાવવામાં આવનાર છે. અત્યારથી જ ઉધના રેલવે સ્ટેશન ખાતે મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. યુપી, બિહાર સહિતના મુસાફરોની વતન જવા માટે એક કિમી લાંબી લાઈન જોવા મળી હતી. વહેલી સવારથી જ મુસાફરો સ્ટેશન પર ટ્રેનની રાહ જોઈ રહ્યા હતા. જેથી પોલીસનો પણ ચુસ્ત બંદોબસ્ત જોવા મળી રહ્યો છે.

ગત વર્ષની જો વાત કરવામાં આવે સુરત રેલવે સ્ટેશન પર દિવાળીના પર્વના સમયે વતન જઈ રહેલા મુસાફરોમાં દોડધામ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. સાથે જ એક વ્યક્તિનું બેભાન થયા બાદ મોત હતું. આવી પરિસ્થિતિનું પુનરાવર્તન નહીં થાય સુરત રેલ્વે દ્વારા ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. ઉધના રેલવે સ્ટેશન ખાતે અગાઉથી જ રેલ્વે બાગ દ્વારા પોલીસ વિભાગની ટીમ સહિત અધિકારીઓને તૈનાત કરી દીધા છે. પોતાના વતન લોકો પહેલાથી જ રેલવે સ્ટેશન પર આવી પહોંચી ગયા છે. ત્યારે રેલવેના કલાકો પહેલા જ લોકોનો ધસારો જોવા મળતા અધિકારીઓ દ્વારા તમામને એક લાઈનમાં બેસવાની વ્યવસ્થા કરી છે. પ્લેટફોર્મ નંબર પર ટ્રેન આવવાની સાથે જ લાઈનથી તમામને અલગ અલગ બોગીઓમાં બેસાડવામાં આવી રહ્યા છે.

આ વર્ષે રેલવે વિભાગ દ્વારા દિવાળી અને છઠપૂજાને ધ્યાનમાં રાખીને યુપી, બિહાર માટે ૮૫ જેટલી વધુ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. અનરિર્વ ટ્રેનમાં મુસાફરો પોતાના વતન તરફ રવાના થઈ રહ્યા છે. આજ રોજના ઉધના રેલવે સ્ટેશન ખાતેથી તબક્કા વાર અલગ અલગ ત્રણ ટ્રેનો યુપી, બિહાર માટે રવાના થઈ હતી. ટ્રેનમાં વધારો કરવા છતાં પણ ટ્રેનની અંદર મુસાફરોનો ઘસારો જોવા મળ્યો હતો.

મહત્વની વાત એ છે કે દર વર્ષે સુરત થી ૨ લાખથી વધુ મુસાફરો યુપી,બિહાર પોતાના વતન દિવાળી અને છઠ પૂજા પર જતા હોય છે.ત્યારે આ વરસે દિવાળીના પર્વના પહેલાથી જ પરપ્રાંતી મજૂરો પોતાના વતન જવા નીકળ્યા છે.

લોરેન્સ બિશ્નોઈ જેલમાં પણ પહેરે છે મોંઘા કપડાં અને શૂઝ

નવી દિલ્હી,

બાબા સિદ્દીકીની હત્યા બાદ દેશમાં ફરી એકવાર લોરેન્સ બિશ્નોઈનું નામ ચર્ચામાં છે. લોરેન્સ બિશ્નોઈના પિતરાઈ ભાઈએ ખુલાસો કર્યો છે કે જ્યારે તેઓ જેલમાં છે ત્યારે તેમનો પરિવાર તેમની સંભાળ પાછળ દર વર્ષે ૩૫ થી ૪૦ લાખ રૂપિયા ખર્ચે છે. ધ ડેલી ગાર્ડિયનના અહેવાલ મુજબ, ૫૦ વર્ષીય રમેશ બિશ્નોઈએ એમ પણ કહ્યું કે પરિવારે ક્યારેય વિચાર્યું ન હતું કે તે ભવિષ્યમાં અપરાધી બની જશે.

રિપોર્ટ અનુસાર, લોરેન્સ બિશ્નોઈના પિતરાઈ ભાઈ રમેશે કહ્યું, "અમે હંમેશાથી અમીર રહ્યા છીએ. લૉરેન્સના પિતા હરિયાણા પોલીસમાં કોન્સ્ટેબલ હતા અને ગામમાં તેમની ૧૧૦ એકર જમીન છે. લૉરેન્સ હંમેશા મોંઘા કપડા અને જૂતા પહેરતો હતો. હજુ પણ તે જેલમાં છે ત્યારે પરિવાર તેની પાછળ વાર્ષિક ૩૫-૪૦ લાખ રૂપિયા ખર્ચે છે.

લોરેન્સ ગેંગે એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યાની જવાબદારી સ્વીકારી છે અને દાવો કર્યો છે કે સલમાન ખાન સાથેની નિકટતાને કારણે તેણે આ હત્યા કરી હતી. જો કે પોલીસ આ હત્યામાં લૉરેન્સ બિશ્નોઈની સંડોવણી અંગે તપાસ કરી રહી છે.આ સિવાય કેનેડાની પોલીસે આરોપ લગાવ્યો હતો કે લૉરેન્સ બિશ્નોઈની ગેંગ તેમના દેશમાં ભારત સરકારના એજન્ટો સાથે મળીને હિંસક ગતિવિધિઓ કરી રહી છે, જેને ભારતે નકારી કાઢ્યું છે. મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યામાં સામેલ હુમલાખોરોને પકડવા માટે પોલીસ સઘન દરોડા પાડી રહી છે.

લોરેન્સ બિશ્નોઈ ૨૦૧૪માં રાજસ્થાનના સાલાસર બાલાજી મંદિરની મુલાકાત દરમિયાન પોલીસ ગોળીબાર બાદ જેલમાં છે. હાલ તેઓ અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં કેદ છે. ગુજરાત ATS અને નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી તેની સામે અનેક કેસમાં તપાસ કરી રહી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ઓગસ્ટ ૨૦૨૩ માં એક આદેશ જાહેર કર્યો હતો, જેમાં કોઈપણ હેતુને ધ્યાનમાં લીધા વિના લોરેન્સ બિશ્નોઈને તે જેલમાંથી બહાર લઈ જવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

ISISની ચુંગાલમાંથી બહાર નિકળેલી મહિલાએ જણાવી પોતાની આપવીતી

જેરૂસાલેમ,

ગાઝામાંથી ઈઝરાયેલી સેના દ્વારા બચાવાયેલી યઝીદી મહિલાએ તેની ભયાનક સ્થિતીનું વર્ણન કર્યું છે. ફૌઝિયા અમીન સિદો, એક યઝીદી મહિલા, જેને બે અઠવાડિયા પહેલા બચાવી લેવામાં આવી હતી, તેણે ISIS દ્વારા પકડવામાં આવી હતી ત્યારે તેણે તેના પર કરેલા ભયાનક અત્યાચારોને યાદ કર્યા હતા, સિદોએ કહ્યું કે તેને અને તેના ભાઈઓને ISISના લાડાકુઓએ નવ વર્ષની ઉંમરે પકડી લીધા હતા. થોડા દિવસો પછી, મને અન્ય હજારો બંધકો સાથે સિંજારથી તાલ અફાર સુધી ચાલવાની ફરજ પડી. અમને સતત ત્રણ દિવસ ભૂખ્યા રાખ્યા પછી, આતંકવાદીઓએ અમને ખાવા માટે માંસ અને ભાત આપ્યા, અમને બધાને માંસનો સ્વાદ વિચિત્ર લાગ્યો, પરંતુ ત્રણ દિવસ સુધી ભૂખ્યા રહેવાથી અમે બધાએ તે ભાત અને માંસ ખાધું.

ધ જેરુસલેમ પોસ્ટ સાથેની તેમની મુલાકાતમાં સિદોએ કહ્યું કે અમે બધાએ તે ચોખા અને માંસ ખાધા પછી કેટલાક લોકોને પેટમાં દુખાવો થવા લાગ્યો. ISIS લોકોએ અમને પાછળથી કહ્યું કે તેઓએ અમને ખાવા માટે જે માંસ આપ્યું હતું તે યઝીદી બાળકોનું હતું. પોતાની વાત સાબિત કરવા માટે તેણે અમને માસુમ બાળકોના માથા કપાયેલા તસવીરો પણ બતાવી અને કહ્યું કે આ એ જ બાળકો છે જેને તમે હમણા જ ખાધા.

ISIS લડવૈયાઓ તેમના યઝીદી બંધકોને માનવ માંસ ખવડાવવાની આ ઘટના કોઈ અલગ નથી. ૨૦૧૭માં યઝીદી સાંસદ વિયાન દાખિલે પણ આતંકવાદી સંગઠન દ્વારા શરૂ કરાયેલી આ પ્રથાનો પર્દાફાશ કર્યો હતો. સિદોએ કહ્યું કે જ્યારે આતંકવાદી જૂથના લડાકુઓએ અમને કહ્યું કે તેઓએ અમને માનવ માંસ ખવડાવ્યું હતું, ત્યારે ત્યાં હાજર ઘણા લોકો એટલા ચોંકી ગયા હતા કે તેઓ હાર્ટ એટેકથી મૃત્યુ પામ્યા હતા. વધુમાં મહિલા કહે છે કે , તેની યાતનાનો અહીં અંત ન હતો. મને ૨૦૦ અન્ય યઝીદી છોકરીઓ સાથે બેઝમેન્ટ જેલમાં કેટલાક મહિનાઓ સુધી રાખવામાં આવી હતી. ત્યાંની સ્થિતિ એટલી ખરાબ હતી કે ઘણી છોકરીઓ ગંદા ખોરાક અને પાણી પીવાથી મૃત્યુ પામી હતી. સિદોએ જણાવ્યું કે અંડરગ્રાઉન્ડ જેલમાંથી બહાર આવ્યા બાદ તેને ૫ વખત વેચવામાં આવ્યો હતો. તેણીને એક લડાકુ અબુ અમર અલ-મકદિસી દ્વારા બે બાળકો પણ હતા. વર્ષોની કેદ પછી, તે ત્યારે જ તેના પરિવાર પાસે ઈરાક પરત ફરી શકી જ્યારે તેને થોડા દિવસો પહેલા ઈઝરાયેલી સેનાની આગેવાની હેઠળના લશ્કરી ઓપરેશનમાં ગાઝામાંથી છોડાવવામાં આવ્યો. જો કે, તેમના બાળકોને હજુ પણ ગાઝામાં બંધક બનાવવામાં આવ્યા છે, જ્યાં તેમનો ઉછેર આરબ મુસ્લિમ તરીકે થઈ રહ્યો છે.

તેણે કહ્યું કે જ્યાં સુધી હું તેની કેદમાં રહી ત્યાં સુધી હું 'સબાયા' જ રહી. અહીં ગાઝામાં પણ મારી હાલતમાં બહુ સુધારો થયો નહીં. જ્યારે હું ઈરાકમાં ઘરે પહોંચી, ત્યારે હું માણસ તરીકે મુક્તપણે શ્વાસ લઈ શકતો હતો.'સબાયા' અરબી શબ્દ છે જેનો અર્થ થાય છે યૌન શોષણ માટે બંધક બનાવવું.

મ્યાનમારમાં ફરી એકવાર બળવાના અવાજો સંભળાઈ રહ્યા છે

મ્યાનમાર, ભારતના પાડોશી દેશ મ્યાનમારમાં ચીન સમર્થિત સૈન્ય સરકાર વચ્ચે તણાવ વધી શકે છે. મુસ્લિમ બળવાખોર જૂથ 'મુસ્લિમ કંપની' પણ હવે લશ્કરી શાસન સામે ચાલી રહેલા સંઘર્ષમાં ખ્રિસ્તી અને બૌદ્ધ પ્રભુત્વ ધરાવતા બળવાખોર જૂથ - કારેન નેશનલ યુનિયન સાથે જોડાઈ ગયું છે. મુસ્લિમ કંપનીના ૧૩૦ સૈનિકો, જે સત્તાવાર રીતે દ્વન્દ્વે માં બ્રિગેડ ૪ ની ૩જી કંપની તરીકે ઓળખાય છે, દેશના લશ્કરી શાસન સામે લડતા હજારો લોકોનો એક નાનો ભાગ છે. મુસ્લિમ કંપનીના નેતા મોહમ્મદ ઈશર કહે છે કે સેનાના દમનથી તમામ જૂથોને અસર થાય છે, તેથી મુસ્લિમ કંપનીએ આ સંઘર્ષમાં KNU સાથે જોડાવાનો નિર્ણય કર્યો છે. સેનાએ ૨૦૨૧ માં બળવા પછી મ્યાનમારમાં સત્તા પર કબજો કર્યો. વધતી જતી બળવાખોરી, બળવાખોર જૂથો તરફથી પડકારને નિષ્ફળ બનાવવા માટે, સેના દરરોજ નાગરિકો, શાળાઓ અને ચર્ચો પર બોમ્બમારો કરી રહી છે. આમાં હજારો લોકોના મોત થયા છે અને લગભગ ૨૫ લાખ લોકો વિસ્થાપિત થયા છે. એવું માનવામાં આવે છે કે મ્યાનમારની સૈન્ય સરકારે ક્યારેય આવા પડકારનો સામનો કર્યો ન હતો. છેલ્લા એક વર્ષમાં દેશનો અડધોથી બે તૃતીયાંશ વિસ્તાર બળવાથી પ્રભાવિત થયો છે. તે જ સમયે, મ્યાનમારની સેના સામે લડી રહેલા બળવાખોર જૂથોએ મ્યાનમારની ચીન સાથેની ઉત્તરીય સરહદ પર જગ્યા મેળવી લીધી છે. મુસ્લિમ કંપનીના નેતા ઈશર કહે છે કે તેણીને આશા છે કે લશ્કરી વિરોધી દળોમાં વિવિધતાને સ્વીકારવાથી મ્યાનમારમાં અગાઉ સંઘર્ષનું કારણ બનેલા સાંસ્કૃતિક અને પ્રાદેશિક તણાવને ઓછો કરવામાં મદદ મળશે. તેમણે કહ્યું કે જ્યાં સુધી સેના હાજર રહેશે ત્યાં સુધી મુસ્લિમો અને અન્ય તમામ પર અત્યાચાર ચાલુ રહેશે. મ્યાનમાર લાંબા સમયથી સૈન્ય શાસન હેઠળ છે. ૧૯૬૨ થી ૨૦૧૧ સુધી, મ્યાનમારમાં 'મિલિટરી પીપલ'ની સરમુખત્યારશાહી સરકાર હતી.

૧થી ૧૯ નવેમ્બર સુધી એર ઈન્ડિયામાં ન બેસતા

નવી દિલ્હી, અમેરિકામાં અને કેનેડામાં બેસીને કેટલાક ઉગ્રવાદીઓએ હવે ભારતને ખુલ્લેઆમ ધમકી આપવાનું શરૂ કરી દીધુંછે. અલગ ખાલિસ્તાનની માંગણી કરતા અલગાવવાદી લીડર ગુરપતવંત સિંહ પન્નુને ચેતવણી આપી છે કે પહેલી નવેમ્બરથી લઈને ૧૯ નવેમ્બર સુધી કોઈએ એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બેસવું નહીં. આગામી દિવસોમાં ૧૯૮૪ના શીખ વિરોધી તોફાનોની વર્ષગાંઠ ઉજવવાની છે ત્યારે એર ઈન્ડિયાની ફ્લાઈટમાં કોઈએ બેસવું નહીં તેવી ખુલ્લી ચેતવણી પન્નુને આપી છે. આ પન્નુન એ જ વ્યક્તિ છે જેની હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું અને તેમાં ભારતીય અધિકારીઓનો હાથ હતો તેવો આરોપ થયો છે. પન્નુનનો વાળ વાંકો નથી થયો પરંતુ કાવતરું ખુલ્લું પડી ગયું છે અને તેમાં કેટલાક લોકો પકડાઈ ગયા છે. આ કાવતરામાં રોના પૂર્વ એજન્ટોનો હાથ હતો તેવું કહેવાય છે. જોકે, પન્નુને ક્યારેય પોતાનો ભારત સામનો વિરોધ છુપાવ્યો નથી. અગાઉ પણ તેણે ભારતને આવી ચેતવણીઓ આપી છે. રિપોર્ટ અનુસાર આગામી દિવસોમાં શીખ વિરોધી રમખાણોની ૪૦મી વર્ષગાંઠ છે ત્યારે તેનું કારણ આપીને પન્નુને લોકોને એર ઈન્ડિયામાં મુસાફરી ન કરવા કહ્યું છે અને તેની તારીખ પણ જાહેર કરી દીધી છે જે પહેલી નવેમ્બરથી ૧૯ નવેમ્બર વચ્ચેની છે. તાજેતરમાં ભારતમાં ૧૦૦થી વધુ ફ્લાઈટમાં બોમ્બ હોવાની વારંવાર ચેતવણીઓ મળી છે ત્યારે પન્નુનની ચેતવણી સ્પેસિફિક એર ઈન્ડિયા માટે છે. ગુરપતવંત સિંહ પન્નુને શીખ ફોર જસ્ટિસ નામનું સંગઠન સ્થાપ્યું છે અને તે કેનેડા તથા અમેરિકાની ડ્યુઅલ સિટિઝનશિપ ધરાવે છે, ગયા વર્ષે પણ તેણે આવી જ ધમકી આપી હતી, પરંતુ કંઈ થયું ન હતું. નવેમ્બર ૨૦૨૩માં પણ પન્નુને એક વીડિયો રિલીઝ કર્યો હતો જેમાં તેણે દાવો કર્યો હતો કે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટનું નામ બદલવામાં આવશે અને લોકોએ પણ નવેમ્બર મહિનામાં આ એરપોર્ટનો ઉપયોગ ન કરવો કારણ કે ગમે ત્યારે હુમલો થઈ શકે છે. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ તેની સામે ક્રિમિનલ ષડયંત્ર ઘડવાનો અને ધર્મના આધારે લોકો વચ્ચે નફરત ફેલાવવાનો આરોપ મૂક્યો હતો. ત્યાર પછી ગયા વર્ષે ડિસેમ્બરમાં પણ પન્નુને પોતાનું પોત પ્રકાશ્યું હતું અને ૧૩મી ડિસેમ્બર અથવા તેનાથી અગાઉ સંસદ પર હુમલો કરવાની ધમકી આપી હતી.

સિક્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

સી.આઈ. એન.: એલ૫૧૯૦૯જીજે૨૦૦૦પીએલસી૦૩૭૩૨૯

રજિસ્ટર્ડ ઓફિસ: ૫૦૮, ઈસકોન એલિગન્સ, જૈનમંદિરની બાજુમાં, પ્રહલાદનગર પીકઉપ સ્ટેન્ડની બાજુમાં, વેજલપુર, અમદાવાદ -૩૮૦૦૫૧ ટેલિફોન: ૯૧૭૯ - ૬૬૧૬૮૯૫૦/૬૬૧૬૮૯૫૧,

વેબસાઈટ: www.sikkoindia.com, ઈ-મેઈલ: compliance@sikkoindia.com

૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા ના કાચા નાણાકીય પરિણામ નો અર્ક

(ઈ.પી.એસ. સિવાય રકમ લાખમાં)

વિગતો	ત્રિમાસિક ગાળા ૩૦/૦૯/૨૦૨૪	નાણાકીય વર્ષ ૩૧/૦૩/૨૦૨૪	ત્રિમાસિક ગાળા ૩૦/૦૯/૨૦૨૩
	કાચા	પાકા	કાચા
કામગીરીમાંથી કુલ આવક	૧૫૩૬. ૬૦	૬,૪૭૦. ૫૯	૧૮૮૫.૪૪
સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (કર, અપવાદરૂપ અને / અથવા અસામાન્ય વસ્તુઓ પહેલાં)	૨૮૦. ૮૮	૬૦૫. ૮૧	૨૧૫.૮૯
સમયગાળા માટે કર પહેલાંના ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ પછી)	૨૮૦. ૮૮	૬૦૫. ૮૧	૨૧૫.૮૯
સમયગાળા માટે કર પછીના ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ પછી)	૨૧૦. ૧૭	૪૦૬. ૪૪	૧૬૧.૬૬
સમયગાળા માટે કુલ વ્યાપક આવક [સમયગાળા માટે નફો / (નુકસાન) અને કરની બાદ અન્ય આવક (કર પછી) સમાવેશ થાય છે]	૨૧૦. ૧૭	૪૦૬. ૪૪	૧૬૧.૬૬
ઇક્વિટી શેર મૂડી	૧,૬૮૦.૦૦	૧,૬૮૦.૦૦	૧,૬૮૦.૦૦
અનામત (પાછલા વર્ષના પાકી કરેલી બેલેન્સ શીટ મુજબ મૂલ્યાંકન અનામતને બાદ કર્યા પછી)	-	૧૧૦૭. ૪૫	-
શેર દીઠ કમાણી (ચાલુ અને બંધ કામગીરી માટે) -			
બેઝીક: (સમાપ્ત ત્રિમાસિક ગાળા માટે વાર્ષિકીકરણ કર્યા વગર)	૧. ૨૫	૨.૪૨	૦.૯૬
ડાલ્યુટેડ: (સમાપ્ત ત્રિમાસિક ગાળા માટે વાર્ષિકીકરણ કર્યા વગર)	૧. ૨૫	૨.૪૨	૦.૯૬

નોંધ: ૧. ઉપરોક્ત નાણાકીય એ સેબી સૂચિઓ નિયમનોનાં નિયમન ૩૩ હેઠળ એનએસઈ લિમિટેડ સાથે ફાઈલ ત્રિમાસિક ગાળા ના કાચા નાણાકીય પરિણામોના વિગતવાર બંધારણનો એક અર્ક છે. આખા ત્રિમાસિક નાણાકીય પરિણામો સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.nseindia.com પર તેમજ કંપનીની વેબસાઈટ www.sikkoindia.in પર ઉપલબ્ધ છે.

સિક્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ માટે
Sd/-
જયંતિભાઈ મોહનભાઈ કુંભાણી
મેનેજીંગ ડિરેક્ટર (ડીન : ૦૦૫૮૭૮૦૭)

સ્થળ: અમદાવાદ
તારીખ: ૨૬-૧૦-૨૦૨૪

SACHETA METALS LIMITED

CIN: L51100GJ1990PLC013784

Regd. Office : Block No. 33 Sacheta Udyog Nagar, Vill: Mahiyal, Tal: Talod, Dist: Sabarkantha, Gujarat 383215

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER, 2024

(Rs. in Crores)

SR. NO.	PARTICULARS	QUARTER ENDED 30.09.2024 Unaudited	PRECEEDING QUARTER ENDED 30.06.2024 UnAudited	CORRESPONDING QUARTER ENDED 30.09.2023 Unaudited	HALF YEAR ENDED 30.09.2024 Unaudited	YEAR ENDED 31.03.2024 Audited
1	Total Income from Operations	24.30	16.84	21.82	41.14	75.30
2	Profit/ (Loss) for the period (before Tax, Exceptional and/ or Extraordinary items)	0.64	0.48	0.49	1.12	2.64
3	Profit/ (Loss) for the period before Tax (after Exceptional and/ or Extraordinary items)	0.64	0.48	0.49	1.12	2.64
4	Net Profit/(Loss) for the period after Tax (after Exceptional and/ or Extraordinary items)	0.50	0.34	0.37	0.84	1.96
5	Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	0.50	0.34	0.37	0.84	1.96
6	Equity Share Capital	25.00	25.00	25.00	25.00	25.00
7	Reserves (excluding Revaluation Reserve as shown in the Balance sheet of previous year)	-	-	-	-	25.23
8	Earning Per Share (of Rs. 10/- each) (for continuing and discountinued operations)					
	Basic :	0.20	0.14	0.19	0.34	0.87
	Diluted :	0.20	0.14	0.19	0.34	0.87

Note
1 The above is an extract of unaudited financial results for the quarter and half year ended 30th September, 2024. The financial results were reviewed and recomended by the Audit Committee and have been approved and taken on record by the Board of Directors at its meeting held on 26th October 2024.
2 The Statement has been prepared in accordance with Indian Accounting Standards ('Ind AS') prescribed under section 133 of the Companies Act,2013 and in terms of Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (SEBI Regulations).
3 The Company is operating in single segment i.e.Alluminium products. The company ahs changed its object by addition of Real Estate Business activities in the main object in the EGM held on 16th May, 2024. However, there is no revenue from operation during the quarter ended September, 2024 from this sources. So segment reporting is not applicable to company.
4 The limited review as required under Regulation 33 of the SEBI (LODR) Regulations 2015 has been completed by the auditors of the Company.
5 Previous period's figures have been regrouped wherever neccesary to confirm to the current period's classification.

For Sacheta Metals Ltd
Sd/-
Satishkumar K. Shah
Managing Director
DIN: 00237283

Place: Talod
Date: 26-10-2024

SHANTAI INDUSTRIES LIMITED

CIN: L74110GJ1988PLC013255

Reg Office : 820, Golden Point, Nr. Telephone Exchange, Begampura, Falsawadi, Ring Road, Surat-395003 **Tel:** 9913425000

Website: www.shantaiindustrieslimited.com, **Email-id:** shantaiindustriesltd@gmail.com

Extract of Unaudited Financial Result for the Quarter and half year ended 30th September, 2024
(Amount in Lakh except EPS)

Sl. No.	Particulars	Quarter ended 30th September 2024	Half year ended 30th September 2024	Quarter ended 30th June 2024	Quarter ended 30th September 2023
		(Unaudited)	(Unaudited)	(Unaudited)	(Unaudited)
1	Total Income from Operations*	422.672	479.953	57.281	-
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	9.662	12.043	2.381	-1.518
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	9.662	12.043	2.381	-1.518
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	9.662	12.043	2.381	-1.518
5	Total Comprehensive Income for the period[Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	9.662	12.043	2.381	-1.518
6	Paid-up Equity Share Capital (face value of Rs.10/- each)	150.000	150.000	150.000	150.000
7	Reserves (excluding Revaluation Reserve)	-	-	-	-
8	Earnings Per Share (face value of Rs. 10/-each) (for continuing and discontinued operations)				
	1. Basic	0.644	0.803	0.159	-0.101
	2. Diluted	0.644	0.803	0.159	-0.101

Note:
1. The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Annual Financial Results are available on the websites of the Stock Exchange(s) at www.bseindia.com and the listed entity at www.shantaiindustrieslimited.com.
2.The above financial results have been reviewed and recommended by the Audit Committee and have been approved and taken on record by the Board of Directors at its meeting held on 25th October, 2024.
3. The limited review as required under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 has been completed by the auditors of the Company.
* Total income from operations includes only revenue from operations, other incomes are not considered

For Shantai Industries Limited
Sd/-
Harishbhai Sawlani
Managing Director
DIN: 00831848

Date: 26-10-2024
Place: Surat

રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF) "પોલીસ સ્મારક સપ્તાહ" દરમિયાન

ફરજની લાઈનમાં અંતિમ બલિદાન આપનાર ૧૪ કર્મચારીઓનું સન્માન કરી રહ્યું છે

અમદાવાદ, સન્માન પામનારાઓમાં પશ્ચિમ રેલવેના કોન્સ્ટેબલ અનુકુલ સાકોરનો પણ સમાવેશ થાય છે, જેમણે ડિસેમ્બર ૨૦૨૩માં પોતાની ફરજ નિભાવતી વખતે પોતાનો જીવ ગુમાવ્યો હતો. ૨૧મી ઑક્ટોબરના રોજ મધ્ય પ્રદેશના ધારમાં તેમના અલ્મા માતા, સરસ્વતી શિશુ મંદિર ખાતે એક સ્મારક સેવા યોજાઈ હતી. આ ઘટનાએ તેમના પરિવાર, મિત્રો, વિદ્યાર્થીઓ અને સહકર્મીઓને એક ભાવનાત્મક મેળાવડામાં ભેગા કર્યા. તેમની વિધવા, શ્રીમતી ડોલી સાકોરે, તેમના પતિના બલિદાનને માન્યતા આપવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. કોન્સ્ટેબલ સાકોરની વાર્તા રેલ્વે કર્મચારીઓની બહાદુરી અને નિઃસ્વાર્થતાની યાદ અપાવે છે. તેમના બલિદાનને ભૂલવામાં આવશે નહીં, અને RPFની શ્રદ્ધાંજલિ તેમના શહીદ નાયકોને સન્માનિત કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. રેલ્વે જવાનોના બહાદુર કોન્સ્ટેબલની કહાણી નિઃસ્વાર્થતાનો પુરાવો છે. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ, રાજેન્દ્ર નગર સ્ટેશન પર ફરજ બજાવતી વખતે તેણે દુઃખદ રીતે પોતાનો જીવ ગુમાવ્યો.તેમની શિફ્ટ દરમિયાન, એક ખાલી રાત્રિ એક્સપ્રેસ ટ્રેન સ્ટેશન પર ખેંચાઈ, અને કોન્સ્ટેબલે ટ્રેનની તપાસ કરવાનું શરૂ કર્યું. દુર્ભાગ્યવશ, જેવી જ ટ્રેન દોડવા લાગી, તેનો પગ ફૂટબોર્ડમાં ફસાઈ ગયો, જેના કારણે તે ટ્રેક અને પ્લેટફોર્મ વચ્ચે પડી ગયો, જેના કારણે તેને જીવલેણ ઈજાઓ થઈ. તેમના સર્વોચ્ચ બલિદાનના સન્માનમાં, રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) ટીમે પોલીસ સ્મારક સપ્તાહ દરમિયાન કોન્સ્ટેબલ સાકોરને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે મધ્ય પ્રદેશના થારમાં તેમના પૈતૃક ઘર અને શાળાની મુલાકાત લીધી, જ્યાં તેમણે તેમની પત્ની સહિત તેમના પરિવારનું સન્માન કર્યું અને વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગ્રામજનો સાથે તેમની બહાદુરીની વાર્તાઓ શેર કરી.

સલમાન ખાનની 'વીકેન્ડ કે વાર'માં સલમાને ફન ટાસ્કમાં જૂના દિવસો યાદ કર્યા

મુંબઈ, સલમાને કલર્સ ટીવીના રિયાલિટી શો બિગ બોસ ૧૮ના બીજા 'વીકેન્ડ કા વાર'નું શૂટિંગ પૂર્ણ કર્યું છે. આ 'વીકેન્ડ કા વાર'માં સલમાન ખાન અવિનાશ મિશ્રાનો પક્ષ લેતા જોવા મળશે. હકીકતમાં, બિગ બોસના ઘરમાં ચમ દારંગ અને અવિનાશ મિશ્રા વચ્ચેની લડાઈ દરમિયાન, જ્યારે ચમે અવિનાશ સાથે દુર્વ્યવહાર કર્યો, ત્યારે લાલ અવિનાશ ગુસ્સામાં તેની તરફ આવ્યો. તેનું આ રૂપ જોઈને ચમ થોડી વાર માટે ડરી ગયો. ચમને આ રીતે જોઈને રજત દલાલે અવિનાશને ઘરની બહાર કાઢી મૂકવાની માગણી કરી અને કહ્યું કે છોકરીઓ તેની આસપાસ સલામત નથી અનુભવે. રજતના આ નિવેદનને કારણે સલમાન તેના પર ગુસ્સે થવા જઈ રહ્યો છે. સલમાન કહેશે કે જો કોઈ છોકરા પર આટલું મોટું કલંક લગાડવામાં આવે તો તેના પરિવારની શું હાલત થઈ હશે તેની કલ્પના કરો. લોકો તેને કેવી રીતે જોતા હશે, તમારા પુત્રએ એવું શું કર્યું છે કે બિગ બોસની અંદરના પરિવારના સભ્યો કહી રહ્યા છે કે તેની હાજરીમાં મહિલાઓ સુરક્ષિત નથી. અવિનાશનું દર્દ હું સારી રીતે સમજી શકું છું. આમ કહીને સલમાન પોતાની જૂની યાદોને તાજી કરશે અને કહેશે - "કારણ કે મારા પર પણ ઘણા આરોપો લગાવવામાં આવ્યા હતા. તેથી હું જાણું છું કે મારા પરિવારને કઈ તકલીફોમાંથી પસાર થવું પડ્યું હતું." ઘણી વખત સલમાનની ઈમેજ એક ગુસ્સાવાળી સેલિબ્રિટી તરીકે રજૂ કરવામાં આવે છે જે લોકો પર બદલો લે છે અને છોકરીઓને ફટકારે છે. જો કે અત્યાર સુધી સલમાને આ અંગે ક્યારેય ખુલીને વાત કરી નથી. પરંતુ આખરે તે બિગ બોસના મંચ પર દુનિયા સાથે પોતાનું દર્દ શેર કરવા જઈ રહ્યો છે. તાજેતરમાં જ સલમાન ખાનના ખાસ મિત્ર બાબા સિદ્દીકીની હત્યા કરવામાં આવી છે. તેની હત્યાના છ દિવસ બાદ સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ મળી હતી. તેને મળેલી આ ધમકીને જોતા એવું કહેવામાં આવી રહ્યું હતું કે સલમાન ખાન બિગ બોસ માટે શૂટિંગ નહીં કરે અને તેની જગ્યાએ ફરાહ ખાન અથવા અનિલ કપૂર થોડા અઠવાડિયા માટે 'વીકેન્ડ કા વાર' હોસ્ટ કરશે, પરંતુ સલમાન ખાને આ તમામ અહેવાલોને ખોટા સાબિત કર્યા. . તે ૫૦ થી ૬૦ લોકોની સુરક્ષા ટીમ સાથે બિગ બોસના સેટ પર પહોંચ્યો અને 'વીકેન્ડ કા વાર'નું શૂટિંગ પૂર્ણ કર્યું. મોડી રાત્રે શૂટિંગ પૂર્ણ કર્યા બાદ સલમાન ફિલ્મ સિટીથી મુંબઈમાં તેના ગેલેક્સી એપાર્ટમેન્ટમાં રહેવા ગયો હતો.

કારણ વિના ગેરહાજર રહેતાં શિક્ષકો પર કરાઈ કડક કાર્યવાહી, ચારને બરતરફ કરી સાતના રાજીનામા મંજૂર કરાયા

અમદાવાદ,

રાજ્યભરમાં શિક્ષકો કારણ વગર લાંબા સમયથી ગેરહાજર રહેતાં હોવાના અનેક અહેવાલો સામે આવ્યા હતાં. ઘણાં શિક્ષકો તો જાણ બહાર વિદેશ જતાં રહ્યાનો પણ ઘટસ્ફોટ થયો હતો. જેને પગલે સરકારે આવા તમામ શિક્ષકો સામે વિવિધ જિલ્લામાં કડક એક્શન લેવામાં આવી રહ્યાં છે. જે દરમિયાન ગાંધીનગર જિલ્લામાં પણ કારણ વિના ગેરહાજર રહેતાં પ્રાથમિક વિભાગના શિક્ષકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહી હેઠળ એક શિક્ષકને નોકરી પર ફરી હાજર કરવામાં આવ્યા છે અને ચાર શિક્ષકોને બરતરફ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વિદેશ ગમન સહિતના કિસ્સાઓમાં સાત શિક્ષકો દ્વારા નોકરી પર હાજર થવાના બદલે રાજીનામા આપી દેવાતા તેનો સ્વીકાર કરી લેવાયો છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. પિયુષ પટેલે જણાવ્યું, કે છેલ્લી નોટિસ હોવા છતાં હાજર નહી થયેલાં શિક્ષકોને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર તાલુકાની ઉવારસદ કુમાર પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક ચૌધરી નિર્મલાકુમારી અમૃતલાલ, ગાંધીનગર તાલુકાના ટીટોડી પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક ગઢવી રાજેશકુમાર દાદુભાઈ, કલોલ તાલુકાની વાંસજડા(ક) પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક મોદી પ્રિયંકાબેન જયંતીલાલ અને કલોલ તાલુકાની ઉનાલી પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક પટેલ રૂપલબેન નટવરભાઈનો સમાવેશ થાય છે. આ તમામ શિક્ષકો સામે ગુજરાત પંચાયત સેવાના શિસ્ત અને અપિલના નિયમો તથા નાણાં વિભાગના ગેઝેટ ૨૦૦૬ના જાહેરનામાં અનુસાર કાર્યવાહી કરવામાં આવી છે. શાળાઓમાં ગેરહાજર રહેવામાં ૧૬ શિક્ષકોના નામ ખુલ્યાં હતાં, જેમાં ૧૨ કિસ્સાઓમાં શિક્ષકો એક વર્ષથી વધુ સમયથી ગેરહાજર હોવાનું જાણવા મળ્યું હતું. જેના પગલે શિસ્ત ભંગની કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે, ૧૬ માંથી ૭ શિક્ષકોએ જાતે જ રાજીનામું આપી દેતાં તેમના રાજીનામાનો સ્વીકાર કરી લેવાયો છે. આ સિવાય અંતિમ નોટિસના પગલે અડાલજ કુમાર પ્રાથમિક શાળાના એચટાટ આચાર્ય સેન્દાણે રોમાબેન નરેન્દ્રકુમાર હાજર થતાં તેમને નોકરી પર પરત લેવાયા હતાં.

વિદેશ ગમન સહિતના કિસ્સામાં વગર રજાએ ગેરહાજર રહ્યા બાદ અંતિમ નોટિસ અપાયાના પગલે સાત શિક્ષકોએ રાજીનામું આપીને નોકરીને પડતી મૂકી હતી. તેમાં કલોલની કાંઠા શાળાના કવિતાબેન ચતુરભાઈ, ખાત્રજ શાળાના અમિતાબેન મણીભાઈ, શેરીસા શાળાના ગીરાબેન વિષ્ણુભાઈ, માણસાની બોર શાળાના નિકિતાબેન પ્રહલાદભાઈ, બાપુપુરા શાળાના ઈન્દિરાબેન જયંતિભાઈ, દહેગામની માછંગમોટી શાળાના નીતાબેન રાજુભાઈ અને ગાંધીનગરની વડોદરા લાટ શાળાના રીમાબેન રમેશભાઈનો સમાવેશ થાય છે.

મીઠું ઝેર સમાન છે, દર વર્ષે તેનાથી ૧૮ લાખ લોકોના મોત

નવી દિલ્હી,

જો ખોરાકમાં મીઠું ન હોય તો ખાવાનો સ્વાદ નહીંવત્ થઈ જાય છે. મીઠા વગર આજે તમે તમારા જીવનની કલ્પના પણ નથી કરી શકતા. મીઠું કેટલું જરૂરી વસ્તુ છે, તેનો અંદાજ તમે આ વાતથી લગાવી શકો છો કે તેના માટે ભારતમાં એક રાષ્ટ્રવ્યાપી આંદોલન થયું હતું. તમે તેને દાંડી યાત્રા અથવા મીઠા સત્યાગ્રહના નામથી જાણો છો. ચાલો હવે આ લેખમાં તમને જણાવીએ કે મીઠું આપણા શરીર માટે કેટલું જરૂરી છે અને તેનાથી દર વર્ષે કેટલા લાખ લોકોના મૃત્યુ થાય છે.

બીબીસી વર્લ્ડ સર્વિસે આ પર એક કાર્યક્રમ કર્યો છે 'ધ ફૂડ ચેઈન'. તેમાં જણાવવામાં આવ્યું છે કે મીઠું આપણા શરીર માટે કેટલું જોખમી હોઈ શકે છે. જોકે, કેટલાક નિષ્ણાતો એવા પણ છે જે મીઠાને આપણા શરીર માટે અત્યંત જરૂરી ગણાવે છે. જેમ કે અમેરિકાની રટગર્સ યુનિવર્સિટીમાં ન્યુટ્રિશનલ સાયન્સના પ્રોફેસર પોલ બ્રેસલિન બીબીસી સાથે વાત કરતા કહે છે, 'મીઠું જીવન માટે જરૂરી છે.'

આવું એટલા માટે કે મીઠું માનવની સક્રિય કોશિકાઓ માટે અત્યંત જરૂરી છે. આ ઉપરાંત જો આપણે પૂરતા પ્રમાણમાં સોડિયમનું સેવન ન કરીએ તો આપણે મૃત્યુ પણ પામી શકીએ છીએ. ખરેખર, સોડિયમની ઉણપથી હાઈપોનેટ્રેમિયા નામનો રોગ થઈ શકે છે, જેનાથી ભ્રમ, ઉલટી, તાણ, ચિડચિડાપણું અને કોમા જેવી ગંભીર સ્થિતિઓ ઉદ્ભવી શકે છે.

વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) મુજબ, દરરોજ ખોરાકમાં ૫ ગ્રામ મીઠાનું સેવન કરવું જરૂરી હોય છે. ૫ ગ્રામ મીઠામાં લગભગ ૨ ગ્રામ સોડિયમ હોય છે, જે એક ચમચી જેટલું છે. જોકે, લોકો માત્ર ૫ ગ્રામ મીઠું નથી ખાતા પરંતુ તેનો બમણો ઉપયોગ કરે છે. WHOના જ અહેવાલ અનુસાર, વૈશ્વિક સ્તરે લોકો સરેરાશ ૧૧ ગ્રામ મીઠું દરરોજ ખાય છે. આના કારણે હૃદય રોગ, ગેસ્ટ્રિક કેન્સર, ઓસ્ટિયોપોરોસિસ, મેદસ્વિતા અને કિડનીના રોગોનું જોખમ વધી જાય છે.

જ્યારે મીઠાથી દર વર્ષે થતા મૃત્યુની વાત કરીએ તો વિશ્વ આરોગ્ય સંગઠનનો અંદાજ છે કે દર વર્ષે વિશ્વભરમાં મીઠાને કારણે લગભગ ૧૮.૯ લાખ લોકોના મૃત્યુ થાય છે. આ મૃત્યુમાં મીઠાની ભૂમિકા સીધી રીતે નથી હોતી. પરંતુ જે રોગોથી લોકોના મૃત્યુ થાય છે, તેમના થવા અને વધવામાં મીઠાની ભૂમિકા હોય છે. આ જ કારણ છે કે આરોગ્ય નિષ્ણાતો હંમેશા સલાહ આપે છે કે મીઠાનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો જોઈએ. આ પ્રકારની સલાહ લોકોને ખાંડ માટે પણ આપવામાં આવે છે.

ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે ખેડૂતો પાસેથી ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઈની લઘુતમ ટેકાના ભાવે લાભપાંચમથી ખરીદી કરાશે

ગાંધીનગર, બાજરી, જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ.ક્વિન્ટલ રૂ. ૩૦૦ નું બોનસ અપાશે રાજ્ય સરકાર હર હંમેશ ખેડૂતો પ્રત્યે સંવેદનશીલ અભિગમ ધરાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના ખેડૂતો પાસેથી વિવિધ ખરીફ પાકોની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. જેમાં રાજ્યના નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૪- ૨૫ માં લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઈની સીધી ખરીદી કરવામાં આવશે.વધુમાં બાજરી,જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ.ક્વિન્ટલ રૂ.૩૦૦/- નું બોનસ આપવામાં આવશે. લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવાની રહેશે. જેમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ ફઝઈ મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉન ખાતે તા.૩૧ ઓકટોબર ૨૦૨૪ સુધી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ કરવામાં આવશે.

આ કૃષિ પાકોની ટેકાના ભાવે ખરીદી લાભપાંચમ એટલે કે તા. ૬ નવેમ્બર ૨૦૨૪ થી તા.૧૫ જાન્યુઆરી ૨૦૨૫ સુધી કરવામાં આવશે. નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭, ૧૨, ૮-અ ની નકલ, ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે નોંધ ના થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યના જે ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત છે, જે માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખેડૂતમિત્રોને નિગમ દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

વધુમાં ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવેલ ખેડૂતોને જીસ્જી મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથોન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે. નોંધણી કરાવતી વખતે તમામ દસ્તાવેજ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માગ્યા મુજબના જ અપલોડ થાય તેની નોંધણી સ્થળ/કાઉન્ટર છોડતા પહેલા ખાસ કાળજી રાખવા ખેડૂતોને જણાવવામાં આવે છે. દસ્તાવેજ/ડોક્યુમેન્ટ્સની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો જે તે ખેડૂતનો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ કરવામાં આવશે નહિ. નોંધણી બાબતે વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે, તેમ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ ગાંધીનગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે ખેડૂતો પાસેથી ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઈની લઘુતમ ટેકાના ભાવે લાભપાંચમથી ખરીદી કરાશે

બાજરી, જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ.ક્વિન્ટલ રૂ. ૩૦૦ નું બોનસ અપાશે

ગાંધીનગર

રાજ્ય સરકાર હર હંમેશ ખેડૂતો પ્રત્યે સંવેદનશીલ અભિગમ ધરાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના ખેડૂતો પાસેથી વિવિધ ખરીફ પાકોની લઘુતમ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. જેમાં રાજ્યના નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૪- ૨૫ માં લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી અને મકાઈની સીધી ખરીદી કરવામાં આવશે.વધુમાં બાજરી,જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પ્રતિ.ક્વિન્ટલ રૂ.૩૦૦/- નું બોનસ આપવામાં આવશે. લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવાની રહેશે. જેમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉન ખાતે તા.૩૧ ઓકટોબર ૨૦૨૪ સુધી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ કરવામાં આવશે. આ કૃષિ પાકોની ટેકાના ભાવે ખરીદી લાભપાંચમ એટલે કે તા. ૬ નવેમ્બર ૨૦૨૪ થી તા.૧૫ જાન્યુઆરી ૨૦૨૫ સુધી કરવામાં આવશે. નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭, ૧૨, ૮-અ ની નકલ, ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે નોંધ ના થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યના જે ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત છે, જે માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખેડૂતમિત્રોને નિગમ દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. વધુમાં ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવેલ ખેડૂતોને SMS મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથોન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે. નોંધણી કરાવતી વખતે તમામ દસ્તાવેજ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માગ્યા મુજબના જ અપલોડ થાય તેની નોંધણી સ્થળ/કાઉન્ટર છોડતા પહેલા ખાસ કાળજી રાખવા ખેડૂતોને જણાવવામાં આવે છે. દસ્તાવેજ/ડોક્યુમેન્ટ્સની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો જે તે ખેડૂતનો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ કરવામાં આવશે નહિ. નોંધણી બાબતે વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે, તેમ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ ગાંધીનગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

ગુજરાતમાં ટીબી ઘાતક બન્યો, ચાલુ વર્ષે ૧.૧૧ લાખ કેસથી ખળભળાટ, દરરોજ સરેરાશ ૩૮૦ દર્દી

અમદાવાદ,

ગુજરાતમાં ટ્યુબરક્યુલોસિસ (TB)ની ઘાતકતા જાણે ઘટવાનું નામ જ લઈ રહી નથી. આ વર્ષે અત્યાર સુધીમાં જ ૧.૧૧ લાખથી વધુ ટીબીના કેસ નોંધાઈ ચૂક્યા છે. આમ, પ્રતિ દિવસે સરેરાશ ૩૮૦થી વધુ ટીબીના નવા કેસ સામે આવે છે. દેશમાં આ વર્ષે ટીબીના સૌથી વધુ કેસ નોંધાયા હોય તેવા રાજ્યોમાં ઉત્તર પ્રદેશ ૫.૩૫ લાખ સાથે મોખરે છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૯થી ૨૦૨૩ દરમિયાન ટીબી સામે૩૧,૬૦૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. ટીબીના કારણે દરરોજ સરેરાશ ૧૬ વ્યક્તિના મૃત્યુ થાય છે.

રાજ્યમાં ૧૯મી ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં ટીબીના ૭૫,૪૬૧ દર્દી સરકારી હોસ્પિટલો છે, જ્યારે ૩૫,૭૩૫ દર્દી ખાનગી હોસ્પિટલમાં નોંધાયા છે. ગુજરાતમાંથી સૌથી વધુ ૧૨,૭૧૫ કેસ માત્ર અમદાવાદ શહેરમાંથી સામે આવ્યા છે. અમદાવાદ શહેરમાંથી ૮૮૩૦ દર્દી સરકારી હોસ્પિટલમાં, જ્યારે ૩૮૮૫ દર્દી ખાનગી હોસ્પિટલમાં નોંધાયા છે.

બીજી તરફ અમદાવાદ ગ્રામ્યમાંથી ટીબીના કુલ ૨૯૮૯ કેસ છે. આમ, અમદાવાદ જિલ્લામાંથી જ ૧૫,૭૦૪ દર્દીનો સમાવેશ થાય છે. એકંદરે કહેવામાં આવે તો ગુજરાતમાંથી નોંધાતા ટીબીના કેસમાંથી ૧૫ ટકા જેવા માત્ર અમદાવાદ જિલ્લામાંથી છે. ટીબીના સૌથી વધુ કેસ નોંધાયા હોય તેમાં સુરત મ્યુનિસપલ કોર્પોરેશન ૯૨૮૯ સાથે બીજા સ્થાને છે. જ્યારે દાહોદ ૭૯૧૭ સાથે ત્રીજા સ્થાને છે.

ગુજરાતમાંથી જૂન ૨૦૨૪ સુધીમાં જ ૨૭૮૪ દર્દીના ટીબીથી મૃત્યુ થયા છે. વર્ષ ૨૦૧૯થી ૨૦૨૩ દરમિયાન ગુજરાતમાં મેલેરિયાથી ૨, ડેન્ગ્યુથી ૪૭, ટાઈફોઈડથી ૧૭ અને ન્યૂમોનિયાથી ૪ના મૃત્યુ થયા છે. જેની સરખામણીએ ટીબીથી દરરોજ સરેરાશ ૧૫ વ્યક્તિ જીવ ગુમાવે છે.

ડોક્ટરોના મતે, વાળ અને નખ સિવાય ટીબી શરીરના કોઈ પણ ભાગને અસર કરી શકે છે. પરંતુ મોટાભાગે ફેફસાંમાં થાય છે, જે પલ્મોનરી ટીબી કહેવાય છે. પલ્મોનરી ટીબીનો ચેપ સક્રિય બને તો અંદાજે ૯૦ ટકા કેસમાં તે ફેફસાંને અસર કરે છે, તેના ચિહ્નોમાં છાતીમાં દુઃખાવો તથા લાંબા ગાળા સુધી ગળફા સાથેની ખાંસી થાય છે.

અંદાજે ૨૫ ટકા લોકોમાં કોઈ લક્ષણ ન પણ જોવા મળે. ક્યારેક લોકોને ગળફામાં થોડું લોહી નીકળી શકે છે અને બહુ દુર્લભ કિસ્સામાં પલ્મોનરી આર્ટરીમાં ચેપ લાગતા ઘણું વધુ લોહી વહી શકે છે. ગંભીર ટીબીમાં ફેફસાંના ઉપલા ભાગને વધુ અસર થઈ શકે છે.

૧૫થી ૨૦ ટકા એક્ટિવ કેસમાં ચેપ ફેફસાંની બહાર ફેલાઈ શકે છે. જેનાથી અન્ય પ્રકારનો ટીબી થાય છે, જેને એક્સ્ટ્રાપલ્મોનરી ટીબી કહેવામાં આવે છે. આ પ્રકારનો ટીબી મોટાભાગે ઓછી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો તથા નાના બાળકોને થાય છે. ટીબીના વધુ ગંભીર અને વ્યાપક પ્રકારને ડિસસેમિનેટેડ ટ્યુબરક્યુલોસિસ કહે છે જેને જે એક્સ્ટ્રાપલ્મોનરી કેસીસમાં આશરે ૧૦ ટકા છે.

ટીબીના લક્ષણોમાં સખત ખાંસી, ગળફામાં લોહી નીકળવું, તાવ, રાત્રે ખૂબ પરસેવો થવો તથા વજનમાં ઘટાડો સામેલ છે. એચઆઈવી ધરાવતા લોકોમાં ૫૦ ટકાથી વધુ લોકોમાં આ રોગ થાય છે.એક્સ્ટ્રાપલ્મોનરી ટીબી મોટાભાગે ઓછી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો તથા નાના બાળકોને થાય છે.

સનફીસ્ટ તેની પહેલ 'વિલ ઓફ ચેન્જ' દ્વારા દેશભરની માતાઓને આમાં ફેરફાર કરવા પ્રેરિત કરે છે

અમદાવાદ,જો કે, વાસ્તવમાં ભારતમાં પુત્રીઓને પુત્રોની જેમ કુટુંબની મિલકતના વારસામાં સમાન અધિકાર છે તે સત્યથી દૂર છે. સનફીસ્ટ મોમ્સ મેજિક શો દ્વારા કરવામાં આવેલ સંશોધન દર્શાવે છે કે માત્ર ૭% દીકરીઓને જ વસિયત દ્વારા સમાન વારસો મળે છે. ભારતીય પરિવારોમાં લાંબાસમયથી ચાલતી માન્યતા "બેટીયાં પરાયા ધન હોતી હૈં" (દીકરીઓ આખરે કોઈ બીજાની જવાબદારી છે) હજુ પણ ખૂબ પ્રચલિત છે. અલી હેરિસ શેર, ચીફ ઓપરેટિંગ ઓફિસર, બિસ્કીટ એન્ડ કેક્સ ક્લસ્ટર, ફૂડ્સ ડિવિઝન, ITC લિમિટેડ, એ આ અભિયાનના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, "ભારતમાં મોટી સંખ્યામાં માતાઓએ પોતાના માતા-પિતા દ્વારા વારસામાં અન્યાયી વર્તનનો સામનો કરવો પડ્યો છે, તે જ તે છે જેઓ હવે તેમની પુત્રીઓ માટે તેમના પોતાના પરિવારોમાં ખરેખર પરિવર્તન લાવી શકે છે. 'વિલ ઓફ ચેન્જ' ઝુંબેશ દ્વારા, અમે માતાઓને દીકરીઓ માટે સમાન વારસાના અધિકારો સુનિશ્ચિત કરવા અને પરિવર્તનની માતા બનવા માટે પ્રેરણા આપવાની આશા રાખીએ છીએ." સમયની સાથે, ભારતની માતાઓએ તેમના સંબંધિત વિવિધ મુદ્દાઓ પર સ્ટેન્ડ લેવા અને મજબૂત દૃષ્ટિકોણ રાખવા માટે તેમનો અવાજ શોધી કાઢ્યો છે. આઈટીસી સનફીસ્ટ મોમ્સ મેજિક, માતાઓને અસર કરતા કારણો લેવા માટે જાણીતી એક બ્રાન્ડ, તેના ભૂતકાળના અભિયાનો દ્વારા તેમને પ્રેરણા આપી રહી છે. બ્રાંડની નવીનતમ પહેલ 'વિલ ઓફ ચેન્જ' ઊંડે જડિત સામાજિક પૂર્વગ્રહ પર પ્રકાશ પાડે છે જે જુએ છે કે વારસાની બાબતોમાં દીકરીઓને અવગણવામાં આવી રહી છે, જે સમાનતા તરફ વળવાની હિમાયત કરે છે. (૨૨-૧)

દિવાળીનો પર્વ ઢુકડો આવી પહોંચતા સફાઈ અભિયાન વેગવંતુ બનાવાશે

ભાવનગર

રોશનીના મહાપર્વ દિપોત્સવીના તહેવાર આડે હવે ગણત્રીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે હવે છેલ્લા દિવસોમાં લગભગ બધાના ઘરે ગૃહિણીઓ દ્વારા પરિવારના સભ્યોના સહકારથી સફાઈ અભિયાન જોરશોરમાં ધમધમવા માંડશે. અન્ય મહાનગરોની જેમ હવે તો ભાવનગર શહેરમાં પણ નીયત કોન્ટ્રાકટરના માધ્યમથી સફાઈ કામદારો પણ ઉપલબ્ધ થઈ રહ્યા છે.

હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર દેવી લક્ષ્મી એવા ઘરમાં જ પ્રવેશે છે જે યોગ્ય રીતે સાફ-સફાઈ દ્વારા સાત્વિક અનુભૂતિ કરાવતુ હોય.જે તહેવારની સૌ કોઈ આતુરતાથી કાગડોળે પ્રતિક્ષા કરી રહ્યા હતા તે પ્રકાશનું મહાપર્વ દિવાળી ઢુંકડું આવી પહોંચતા ગોહિલવાડમાં ઘરે ઘરે, રહેણાંકીય સોસાયટીઓ, કોમર્શિયલ એકમો, ઔદ્યોગિક વસાહતો, દુકાન, ઓફિસ, કારખાનાઓ, શૈક્ષણિક સંસ્થાઓ,ધર્મસ્થાનકો,ઉપરાંત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં દિવાળી અગાઉના છેલ્લા આઠથી દસ દિવસ પુરજોશમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે.આથી શહેરની બજારોમાં હાલ સફાઈ કામગીરી માટેના સાવરણી, સાવરણા, સીડી, ટેબલ, સફાઈકામદારો, ડસ્ટર, કાચના વાસણના કલીનર, વેકયુમ કલીનર, સાબુ, ડીશવોશીંગ પાવડર, લીકવીડ સહિતના આવશ્યક અને ચોકકસ સાધનો તેમજ કલીનર્સની માંગમાં ઉછાળો આવ્યો છે. અન્ય મહાનગરોની જેમ હવે ભાવનગરમાં પણ ઘરકામની સફાઈ માટેના શ્રમિકભાઈઓ તથા બહેનો કુંભારવાડા, રૂવાપરી રોડ, કરચલીયા પરા ઉપરાંત ખેડૂતવાસ સહિતની સ્થાનિક શ્રમજીવી વસાહતોમાંથી શ્રમિકો ઉધડા ભાવે અથવા દૈનિક નીયત ભાડા પર મળી રહેતા હોય છે.જેઓ રસોડાથી લઈને બેડરૂમ, લિવીંગ રૂમ, પૂજારૂમ, સંડાસ, બાથરૂમ, માળીયા, કોઠારરૂમ, દિવાલો, ટાઈલ્સ ઉપરાંત પાણીની ટાંકીઓ સહિત આખા ઘરમાં ઘસી ઘસીને વાળી, ચોળીને ચોખ્ખુ ચણાક કરી દેતા હોય છે અને છેલ્લે સફાઈને લાસ્ટ ફિનીશીંગ પણ આપી દેતા હોય શહેરના હિલડ્રાઈવ,ફૂલવાડી, સાગવાડી, કાળીયાબીડ, સીદસર સહિતના વિસ્તારોમાં આવા શ્રમિકોની માંગ વધી રહી છે. ઘરસફાઈ માટેના શ્રમિકો ડાયરેકટ અથવા નીયત કોન્ટ્રાકટર મારફત પણ મળી રહેતા હોય છે.અંતિમ તબકકામાં તો આવા શ્રમિકો ઉંચી રકમ આપવા છતાં પણ મળતા ન હોય તેઓને એડવાન્સમાં નીયત અડધી રકમ આપીને બુકીંગ કરવામાં આવતુ હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

સિહોરમાં સંકલનના અભાવે સેવા સેતુ કાર્યક્રમ છેલ્લી ઘડીએ મોકૂફ

સિહોર, સિહોરમાં મોટા ઉપાડે સેવા સેતુનો સરકારી કાર્યક્રમ યોજવામાં આવ્યા પરંતુ ખૂદ સરકારી વિભાગોના સંકલનના અભાવ અને ઘોરબેદરકારીના પગલે 'લગ્ન મંડપ સજાવ્યો પણ વરરાજા જ ન પહોંચ્યા' જેવી સ્થિતિનું નિર્માણ થયું હોય તેમ મુખ્ય વિભાગનો સ્ટાફ જ હાજર ન હોવાના કારણે છેલ્લી ઘડીએ કાર્યક્રમ મોકૂફ કરવાની નોબત આવી હતી. સેવા સેતુ કાર્યક્રમ અંતિમ ઘડીએ રદ કરી દેવામાં આવતા અરજદારોને ધરમના ધક્કા થયા હતા. સિહોર નગરપાલિકા દ્વારા ટાઉન હોલ ખાતે આજે શનિવારે વોર્ડ નં.૫થી ૯ના ૧૦માં તબક્કાના સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકારી કાર્યક્રમ માટે નગરપાલિકાએ મામલતદાર કચેરી, પ્રાંત કચેરી અને વિવિધ સરકારી વિભાગ, આગેવાનો, પદાધિકારીઓ સહિતનાને પત્રથી જાણ પણ કરી હતી. કાર્યક્રમ માટે ટાઉન હોલમાં વિભાગ વાઈઝ માંડવા, ટેબલ-ખુરશી વગેરે ગોઠવી દેવામાં આવી હતી. પરંતુ સવારે ૯થી ૨ કલાક સુધી યોજાનારા કાર્યક્રમમાં સિહોર નગરપાલિકા, ફોરેસ્ટ, અર્બન, બેન્કિગ વિભાગ અને પોલીસ સ્ટાફ સ્થળ ઉપર હાજર હતો. જ્યારે આવકના દાખલા, જાતિના દાખલા, નોનક્રિમિલેયર, ડોમિશાયલ, આધારકાર્ડ, રેશનકાર્ડ સહિતની મુખ્ય કામગીરી સંભાળતો મામલતદાર કચેરીનો સ્ટાફ જ હાજર થયો ન હતો. જેના કારણે ૧૦ વાગ્યા સુધી કોઈ કામગીરી થઈ શકી ન હતી. સ્ટાફની ગેરહાજરીને લઈ સિહોર મામલતદાર પ્રજાપતિનો ટેલીફોનિક સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે, અમને ખબર નથી.

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt